Monday
16.06.2025
*Volume :9 * Issue No.333
*Email.:kamalamgujarat@gmail.com
* www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# વિમાન દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના કાયદેસર વારસદારોને વીમા/દાવાની સહાય ચૂકવવા માટે હેલ્પડેસ્ક શરૂ કરાયા

## જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા વીમા ચુકવણીમાં સહાયરૂપ થવા નોડલ અધિકારીઓની નિમણુંક

કમલમ્,

રાજ્ય સરકાર દ્વારા અમદાવામાં AI-171 વિમાન દુર્ઘટના બાદ યુદ્ધના ધોરણે રાહત-બચાવની કામગીરી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જૂજ મિનિટોમાં આ કાર્યવાહી હાથ ધરીને સમર્પિત તંત્ર કાર્યરત કરવામાં આવ્યું છે. સંબંધિત જિલ્લાના કલેક્ટર દ્વારા વિમાન દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના પરિવારજનોનો સંપર્કકરી કાયદેસર વારસદારોને વીમા/દાવાની સહાય ચૂકવવા માટે સંબંધિત જિલ્લાનાં હિસાબી અધિકારી/અન્ય અધિકારીઓની નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર આ માટે અસરગ્રસ્તોને મદદરૂપ થઈ રહ્યું છે. વિમાન દુર્ઘટનામાં પ્રભાવિત થયેલા લોકોના ઈન્સ્યોરન્સ ક્લેમ પ્રોસેસ કરવામાં સરળતા રહે તે માટે IRDAIના નોટિફિકેશન અન્વયે હોસ્પિટલ ખાતે જોઈન્ટ સેલ શરૂ કરવાની સૂચના આપવામાં આવી હતી. જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ વતી ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીને લીડ ઈન્સ્યોરર તથા લાઈફ ઈન્શ્યોરન્સ કાઉન્સિલ વતી એચડીએફસી લાઈફને લીડ ઈનસ્યોરર નીમવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી સિવિલ હોસ્પિટલ ખાતે ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ તેમજ એચડીએફસી લાઈફ ઈન્શ્યોરન્સ અને LICના હેલ્પ ડેસ્ક ઉભા કરવામાં આવ્યા છે, જેમાં દુર્ઘટનામાં મૃત્યુ પામેલાં મુસાફરો તથા અન્ય પ્રભાવિત લોકોના ઈન્સ્યોરન્સ ક્લેમ સરળતાથી અને ઝડપથી પ્રોસેસ થાય તથા તે માટે તેમને જરૂરી માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત દુર્ઘટનાગ્રસ્તોના પરિવારજનોને સંબંધિત ઈન્સ્યોરન્સ કંપનીના નોડલ ઓફિસરની માહિતી પણ પૂરી પાડવામાં આવે છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઈન્સ્યોરન્સ કંપનીઓને પેસેન્જર લિસ્ટના આધારે તથા અન્ય જરૂરી માહિતી પૂરી પાડીને ક્લેમ ઝડપથી પ્રોસેસ થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ડીએનએ સેમ્પલ માટે કુલ ૧૨ ટીમ શિફ્ટ મુજબ કાર્યરત છે, તેમના દ્વારા ડીએનએ મેચીંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત અસરગ્રસ્તોના સંબંધી સાથે સંકલનમાં રહી કાઉન્સેલીંગની કાર્યવાહી પણ ચાલી રહી છે. આરોગ્ય વિભાગના દ્વારા ટ્રોમા સેન્ટરમાં ૧૦૦ આરોગ્ય કર્મચારીઓ સહિત તમામ આરોગ્યને લગતી કામગીરી માટે ૮૫૫થી વધુ હેલ્થ સ્ટાફ રાહત-બચાવ કામગીરીમાં જોડવામાં આવ્યાં છે. સિવિલ હોસ્પિટલના નિયમિત સ્ટાફ ઉપરાંત વધારાના સ્ટાફ તરીકે આ મેનપાવર કાર્યરત કરાયો છે. હાલમાં મુસાફરો તથા સ્થાનિક રહેવાસીઓના સગાંસંબંધીઓના કુલ ૨૫૦ બ્લડ સેમ્પલ લેવામાં આવ્યાં છે તે પૈકી ૬૨ ડીએનએ મેચ થયા છે. આ મેચ થયેલાં ડીએનએ પૈકી ૨૭ પાર્થિવ દેહ સોંપવામાં આવ્યાં છે. આ ઉપરાંત, ડીએનએ વિના ઓળખાયેલા ૮ પાર્થિવ દેહોની ગઈકાલે તેમના પરિજનોને સોંપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૩૫ પાર્થિવ દેહ સોંપવામાં આવ્યાં છે. હવે ફક્ત ૩ મુસાફરોના સગાંસંબંધીઓના સેમ્પલ લેવાના બાકી છે. આ સગાંસંબંધીઓ હાલમાં યુ.કે.માં રહે છે, અને આગામી ૨-૩ દિવસમાં સેમ્પલ આપવા આવશે તેમ જણાવ્યું છે. પાર્થિવ દેહ સોંપવાની કરવાની કાર્યવાહી માટે, દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના પરિવારજનો સાથે સતત સંકલન માટે જિલ્લા તંત્રએ ૨૫૦થી વધુ નોડલ અધિકારી તથા આસી. નોડલ અધિકારીઓની નિમણુંક કરી છે. આ તમામ કાર્યવાહીનું યોગ્ય રીતે ચાલે તે સુનિશ્ચિત કરવા માટે સુપરવિઝન અધિકારીઓની પણ નિમણુંક કરવામાં આવી છે. આ સમર્પિત સ્ટાફમાં નિમાયેલા અધિકારીઓ દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના પરિવારજનોના સંપર્કથી લઈને અંત્યેષ્ઠિ સુધીની કામગીરીમાં મદદરૂપ થવાની સાથે તમામ તબક્કે તેમની સાથે ખભાથી ખભો મિલાવીને ઊભા રહે છે. ડીએનએ સેમ્પલની કામગીરી, ડીએનએ મેચ થયા બાદ પાર્થિવ દેહની સોંપણી, ત્યાર બાદ અંતિમ ક્રિયા માટે પરિવારજનો કહે તે સ્થળ સુધી પોલીસ એસ્કોર્ટીંગ સાથે એમ્બ્યુલન્સ મારફતે પાર્થિવ દેહ પહોંચાડવામાં આવે છે. આ સાથે અધિકારીઓ જરૂરી દસ્તાવેજો અનેરિકવરથયેલી ચીજવસ્તુઓની સોંપણી કરે છે અને અંત્યેષ્ઠિ સુધી ઉપસ્થિત રહે છે. રાજ્ય બહારનાં અસરગ્રસ્તોનાં સગાં-સંબંધીઓ સાથે સંકલન કરીને સંબંધિત રાજ્યનાં એસ.ઈ.ઓ.સી. સાથે સંકલન કાર્યવાહી કરવામાં આવી છે તેમજ તેમના નોડલ ઓફિસરની માહિતી મેળવવામાં આવી છે. અન્ય રાજ્યોને સંબંધિત કેસમાં રાજ્ય તંત્ર સતત સંપર્કમાં છે. એર ઈન્ડિયાની ટીમ પણ સિવિલ હોસ્પિટલ ખાતે ૨૪૮૭ ઉપલબ્ધછે. જેમ જેમ દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના પરિવારજનો આવી રહ્યાં છે, તેમ તેમ તેઓની જરૂરિયાત મુજબની એર ટિકિટની વ્યવસ્થા વિનામૂલ્યે કરવામાં આવી રહી છે. આ પરિવારજનો માટે યોગ્ય વ્યવસ્થા મળી રહે તે માટે રાજ્યના માર્ગ મકાન વિભાગે વાહન તથા રહેવાની વ્યવસ્થા પણ કરી છે. રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી વિવિધ હેલ્પલાઈન અને કંટ્રોલરૂમ મારફતે અત્યાર સુધીમાં લગભગ ૧૭૦૦ જેટલા ફોન કોલ્સ મળ્યાં છે તે અન્વયે યોગ્ય સંકલનથી કાર્યવાહી કરવામાં આવી છે.

## પ્રશાસનની ઝડપી કામગીરી અને સંકલનને કારણે બચાવ-રાહતની મોટાભાગની કામગીરી માત્ર ચાર કલાકમાં પૂર્ણ : અમદાવાદ મ્યુનિ. કમિશનરશ્રી

### પ્લેનક્રેશ પછી તરત મુખ્યમંત્રીશ્રી તરફથી તાત્કાલિક કાર્યવાહી માટે સૂચના મળેલી : અમદાવાદ મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની

**સીએમઓના ઉચ્ચ અધિકારીશ્રીઓ, શહેર પોલીસ કમિશનરશ્રી તથા કલેક્ટરશ્રી સહિતના અધિકારીશ્રીઓ તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતા : અમદાવાદ મ્યુનિ. કમિશનરશ્રી**

કમલમ્,

અમદાવાદ પ્લેનક્રેશની કમનસીબ અને અત્યંત આઘાતજનક ઘટના બાદ પ્રશાસન દ્વારા તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે પ્રશાસનની ઝડપી કામગીરી અને સંકલનને કારણે બચાવ-રાહતની મોટાભાગની કામગીરી માત્ર ચાર કલાકમાં પૂર્ણ કરી દેવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ વધુમાં જણાવ્યું હતું કે પ્લેન ક્રેશની જાણ થતાં તાત્કાલિક ધોરણે હું સાઈટ પર જવા રવાના થયો હતો. સીએમઓ અને ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રી તરફથી મને કૉલ આવ્યો અને તાત્કાલિક કાર્યવાહી માટે સૂચના મળી હતી. ઘટનાસ્થળે પહોંચતી વખતે રસ્તામાંથી જ તમામ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા વહીવટી તંત્ર તથા ફાયર, પોલીસ, આરોગ્ય સહિતના વિભાગો સાથે સંકલન કરી દેવામાં આવ્યું હતું, એવું તેમણે ઉમેર્યુ હતું. અમદાવાદ મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ઘટનાસ્થળે એરપોર્ટની ફાયર ટીમ તુરંત પહોંચી હતી અને થોડા સમયમાં જ ૧૦૦થી વધારે ફાયર ફાઈટર્સ અને ટીમોએ ઘટનાસ્થળ પર પહોંચીને અગ્નિશમનની કામગીરી શરૂ કરી હતી. પોલીસ, એએમસી, જિલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય, એનડીઆરએફ, એસડીઆરએફ સહિતની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને એકબીજાના સંકલનમાં રહીને બચાવ-રાહતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવવા માટેના પ્રયાસોની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે શહેર પોલીસ કમિશનરશ્રી સાથે સંકલનમાં રહીને સિવિલ હોસ્પિટલ સુધીનો ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો, જેથી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ પહોંચાડી શકાય તેમજ રાહત - બચાવની કામગીરી કોઈ અડચણ વિના ઝડપથી થઈ શકે. સરકારી ઉપરાંત ખાનગી સંસ્થાઓની એમ કુલ ૯૮ જેટલી એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે હતી. પ્લેનક્રેશ સાઈટ આસપાસની ઈમારતોમાંથી ૩૦થી વધુ લોકોને ફાયરફાઈટર ટીમ દ્વારા બચાવવામાં આવ્યા હતા, એવું તેમણે ઉમેર્યુ હતું. બચાવ કામગીરી વિશે મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે અર્થ મૂવર્સ, બુલડોઝર, જેસીબી, હિટાચી જેવાં ૪૫થી વધુ સાધનો સ્થળ પર તૈનાત કરાયાં હતાં. રસ્તા પર પડેલી એરક્રાફ્ટની પાંખ હટાવવામાં આવી તેમજ એમ્બ્યુલન્સ સહિતનાં વાહનોને નડતી દીવાલો તોડવામાં આવી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં સંકલન સૌથી મહત્ત્વપૂર્ણ બાબત હોય છે, એ અંગે મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે ખૂબ જ કપરી સ્થિતિમાં તંત્ર દ્વારા અત્યંત ઝડપી કામગીરી કરવામાં આવી હતી. સીએમઓના ઉચ્ચ અધિકારીશ્રીઓ, પોલીસ કમિશનર શ્રી, કલેકટરશ્રી તથા તમામ સરકારી વિભાગના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ધોરણે સ્થળ પર હાજર હતા અને સંકલનપૂર્વક ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્લેનક્રેશના હતભાગી પરિવારો માટે તંત્ર દ્વારા લેવાયેલાં પગલાંની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે પ્લેનક્રેશમાં સ્વજન ગુમાવનારા લોકોને મુશ્કેલી ન પડે એ માટે સિવિલ હોસ્પિટલમાં જ સિંગલ વિન્ડો સિસ્ટમ ઊભી કરવામાં આવી છે, જેના દ્વારા પરિવારજનોને મરણના દાખલા સહિતના જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ થાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

---

**૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫**

## ભારતીય ચૂંટણી પંચની નવી જોગવાઈઓનો રાજ્યની પેટા ચૂંટણીમાં અમલ થશે

### બૂથ પર ફક્ત ૧ ટેબલ અને ૨ ખુરશી રાખી શકાશે :પ્રતિકૂળ વાતાવરણ સામે રક્ષણ મળી શકે તે માટે છત્રીવાળા બુથ રાખી શકાશે

**કેમ્પ પર કોઇપણ પોસ્ટર, ઝંડા, પ્રતિકો કે અન્ય કોઇપણ પ્રકારની પ્રચાર સામગ્રી પ્રદર્શિત કરી શકાશે નહી**

કમલમ્, મહેસાણા,

ભારતીય ચૂંટણી પંચે મતદાન મથક નજીક બૂથ ઊભા કરવા માટેની જોગવાઈ હતી, તેમાં ફેરફાર કર્યો છે. જેનો રાજ્યની વિધાનસભા પેટા ચૂંટણીમાં અમલ થવા જઈ રહ્યો છે, આ ફેરફાર મુજબ હવે મતદાન મથકના પ્રવેશ દ્વારથી ૧૦૦ મીટરના અંતર સુધી કોઈપણ બૂથ ઊભા કરી શકાશે નહીં. આમ, મતદાન મથકના પ્રવેશ દ્વારથી ૨૦૦ મીટર દૂર ઊભા કરવાની જોગવાઈ હતી તેમાં પરિવર્તન કરીને ૧૦૦ મીટર કરવામાં આવી છે. ઈસીઆઈની અદ્યતન સૂચના અનુસાર મતદાનના દિવસે આ બાબતે મૂંઝવણની સ્થિતિ નિવારવા માટે મતદાનના ઓછામાં ઓછા ૩ દિવસ પહેલા મતદાન મથક પરિસરથી ૧૦૦ મીટરના વિસ્તારને ચિહ્નિત કરી દેવામાં આવશે. બુથ પર ફક્ત એક ટેબલ અને બે ખુરશી રાખી શકાશે. ખુરશી પર બેસનારને પ્રતિકૂળ વાતાવરણ સામે રક્ષણ મળી શકે તે માટે છત્રીવાળા બુથ રાખી શકાશે અથવા ૧૦ ૪ ૧૦ ફુટથી વધારે માપના ન હોય તેવા નાના ટેન્ટ ઉભા કરી શકાશે. દરેક ઉમેદવાર કે જેઓ આવા બુથ ઉભા કરવા ઈચ્છતા હોય તેઓએ જે મતદાન મથકે આવા બુથ ઉભા કરવા માંગતા હોય તે મતદાન મથકના નામ અને નંબરની અગાઉથી ચૂંટણી અધિકારીને લેખિતમાં જાણ કરવાની રહેશે. જો સ્થાનિક કાયદા હેઠળ આવા બૂથ ઉભા કરવા સ્થાનિક સત્તાધિકારી જેવા કે મહાનગરપાલિકા, નગરપાલિકા, પંચાયત વિગેરેની પૂર્વ મંજુરી લેવાની રહેતી હોય તો તેઓની લેખિત મંજુરી પણ લેવાની રહેશે અને આવી પરવાનગી જે તે બૂથ ખાતે ઉપલબ્ધ રાખવાની રહેશે તેમજ કોઈ પોલીસ - ચૂંટણી સત્તાધિકારી દ્વારા માંગ્યેથી તે દેખાડવાની રહેશે. બૂથ ઉભા કરતી વખતેની વ્યાપક માર્ગદર્શિકા મુજબ આવા બુથ જાહેર અથવા ખાનગી મિલકત પર અતિક્રમણ કરીને ઉભા કરી શકાશે નહીં અને બૂથ કોઈપણ ધાર્મિક સ્થળો કે તેના પરિસરમાં ઉભા કરી શકાશે નહીં. કોઈ શૈક્ષણિક સંસ્થા અથવા હોસ્પિટલને લગોલગ ઉભા કરી શકાશે નહીં. ઉપરાંત ઉમેદવારોના કેમ્પ સાદા હોય તે સુનિશ્ચિત કરવામાં આવશે. કેમ્પ પર કોઈપણ પોસ્ટર, ઝંડા, પ્રતિકો કે અન્ય કોઈપણ પ્રકારની પ્રચાર સામગ્રી પ્રદર્શિત કરી શકાશે નહી. વધુમાં, કેમ્પ પર ખાદ્ય સામગ્રી વહેંચી શકાશે નહીં તેમજ ટોળું એકત્રિત કરી શકાશે નહીં. ઉભા કરવામાં આવેલ બુથ તથા ત્યા હાથ ધરાયેલ પ્રવૃતિઓનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચનાં ખાતામાં ઉધારવાનો રહેશે. આ બૂથ બિનસરકારી ઓળખ કાપલી આપવાના એકમાત્ર હેતુ માટે ઉભા કરી શકાશે. ચૂંટણી આયોગની સૂચના મુજબ, આવી ઓળખ કાપલી પર ઉમેદવારના નામ, પ્રતિક કે તેના રાજકીય પક્ષનું નામ છપાયેલ ન હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં બૂથ પર ટોળુ જમા થવા દેવામાં આવશે નહીં અને જે મતદારે મત આપી દીધો હોય તે મતદાર બુથ પર આવી શકશે નહી. બુથનું સંચાલન કરતી વ્યક્તિઓ મતદાન મથકે જતા મતદારને અન્ય ઉમેદવારે ઉભા કરેલા બુથ પર જતા અટકાવી શકશે નહીં અને મતદારોને તેઓની ઈચ્છા મુજબ મતાધિકારનો ઉપયોગ કરવા આડે કોઈ વિઘ્ન ઉભુ કરી શકાશે નહીં. ખાસ કરીને કોઈ મતદારને કોઈ ચોક્કસ બૂથ પર આવીને મતદાર કાપલી મેળવવા માટે વગ વાપરી કે દબાણ કરી શકાશે નહીં. મતદાર પોતાની ઈચ્છાથી જે તે બૂથ પર કાપલી લેવા આવે ત્યારે ચૂંટણી લડતા કોઈ ઉમેદવાર- પક્ષની તરફેણમાં કે વિરોધમાં મત આપવા તે મતદાર પર વગ વાપરી શકશે નહીં. આ નિર્દેશોના ઉલ્લંઘનને આયોગ દ્વારા અત્યંત ગંભીરતાથી લેવામાં આવશે અને નિર્દેશોના ઉલ્લંઘન બદલ આવા બૂથને દૂર કરવા ઉપરાંત જવાબદાર ઉમેદવારો અથવા તેમના એજન્ટો- કાર્યકર્તાઓ સામે તાત્કાલિક ધોરણે કાયદા હેઠળ શક્ય તેટલા કડક પગલાં લેવામાં આવશે. વધુમાં મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર સંબંધિત કોઈપણ ગતિવિધિ હાથ ધરી શકશે નહી.

---

## FSL અને NFSU ખાતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પેસેન્જરોના પરિવારજનોના DNA સેમ્પલ મેચિંગની પ્રક્રિયા પ્રગતિમાં

### રાજ્યમાં 36 DNA નિષ્ણાંતો દ્વારા સતત ૨૪ કલાક સેમ્પલ મેચિંગ માટેના પરીક્ષણો ચાલુ: FSL ના ડિરેક્ટર શ્રી એચ.પી. સંઘવી

કમલમ્,

FSL ગાંધીનગરના ડિરેક્ટર શ્રી એચ.પી.સંઘવીએ DNA પરીક્ષણની વિગતો આપતા જણાવ્યું હતું કે, અમદાવાદ ખાતે થયેલ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પેસેન્જરોની ઓળખ વૈજ્ઞાનિક પદ્ધતિથી DNA સેમ્પલને મેચ કરાવીને કરવામાં આવી રહી છે. જે અંતર્ગત અમદાવાદ અને ગાંધીનગર ખાતેની FSL તેમજ NFSUની પ્રયોગશાળામાં આ પેસેન્જરોના વારસદારો કે નજીકના પરિવારજનોના DNA સેમ્પલ લઈને મેચિંગની પ્રક્રિયા ખૂબ ઝડપથી થઈ રહી છે. તેમણે જણાવ્યું કે, હાલમાં રાજ્યમાં DNA પરીક્ષણની ખૂબ સારી વ્યવસ્થા છે. DNA મેચિંગ પરીક્ષણ માટેની કિટ્સ સાથેની તમામ સાધન સુવિધાઓ પણ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે. જેના પરિણામે લગભગ 36 DNA ના નિષ્ણાંતો દ્વારા સતત ૨૪ કલાક મેચિંગ માટેના પરીક્ષણો ચાલુ છે. ડિરેક્ટરશ્રીએ ઉમેર્યું કે, પ્લેન જયારે ક્રેશ થાય છે, ત્યારે તેની અંદર ખૂબ મોટી જ્વાળાઓ ઉત્પન્ન થાય છે જેના કારણે તાપમાન ખૂબ જ વધી જતું હોય છે. આવા સંજોગોમાં અકસ્માતનો ભોગ બનેલા પેસેન્જરોના શરીરમાં રહેલા DNA કે જેના થકી ઓળખ કરવાની હોય છે, તે ખૂબ ઓછી માત્રામાં મળતા હોય છે. આ ઉપરાંત DNA સેમ્પલના પરીક્ષણની પ્રક્રિયા વિવિધ તબક્કાઓમાં થતી ખૂબ જટિલ પ્રકારની હોય છે. જેના કારણે મૃતકની ઓળખ કરવામાં સમય લાગતો હોય છે. વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું કે, ઈન્ટરનેશનલ કંપનીઓ પણ આ દુઃખદ ઘટનામાં DNA પરીક્ષણ માટે મદદ કરવા તૈયાર છે. આ પરીક્ષણ માટે સિવિલ હોસ્પિટલ ખાતે મૃતકોના સેમ્પલ કલેક્ટ કરીને તેમના વાલી વારસદારો ને ફોર્મ ભરાવવામાં આવે છે, જેમાં મૃતકના માતા, પિતા, દીકરા, દીકરીના નામ સહિતની વિગતો નોંધવામાં આવે છે. DNA મેચિંગ માટે એક પાર્થિવ દેહમાંથી એકથી વધુ સેમ્પલ લેવામાં આવે છે. ઘણીવાર પૂરતી માત્રામાં DNA ન મળતા વારંવાર રીપીટ કરીને પણ એનાલિસિસ કરવામાં આવે છે. આમ આ જટિલ પ્રક્રિયામાં ૩૬ થી ૪૮ કલાક સુધી બેચવાઈઝ પરીક્ષણ કરવામાં આવે છે. જેમ જેમ DNA મેચિંગના પરિણામો આવતા તંત્રને તુરંત જાણ કરવામાં આવી રહી છે, તેમ ડિરેક્ટરશ્રીએ ઉમેર્યું હતું.

## તંત્રી સ્થાનેથી......

રાજ્યમાં ૧૬ જૂને રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, વલસાડમાં અતિભારે વરસાદનું ઑરેન્જ ઍલર્ટ અને બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. તમને જણાવી દઈએ કે, ૧૫-૧૬ જૂન દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘગર્જના સાથે ૩૦-૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી છે.

૧૭ જૂનની આગાહી

૧૭ જૂનના રોજ રાજ્યના ૧૨ જિલ્લામાં હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં અમદાવાદ, આણંદ, બોટાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે.

૧૮-૧૯ જૂનની આગાહી

રાજ્યમાં ૧૮ જૂનના રોજ કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, સુરત, તાપી, નવસારી, ડાંગ, નવસાડ અને ૧૯ જૂનના રોજ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

શનિવારે બપોર બાદ વાતાવરણમાં અચાનક જ ફેરફાર જોવા મળ્યો હતો, ત્યારે સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં વરસાદ વરસી રહ્યો છે. રાજકોટ, અમરેલી, ગોંડલ, સુરત, નવસારી, તાપી, ડાંગ સહિત અનેક શહેરોમાં મેઘરાજાએ પધરામણી કરી છે. ત્યારે રાજકોટ શહેરમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં વીજળી પણ ગુલ થઈ છે અને વીજળી પડવાના ભયાનક દ્રશ્યો પણ સામે આવ્યા છે.દાહોદના વાતાવરણમાં અચાનક જ પલટો આવ્યો છે. વીજળીના કડકા સાથે દાહોદમાં વરસાદ વરસી રહ્યો છે. ત્યારે વીજળી પડતા ૨ લોકોના મોત થયા છે. વીજળી પડવાના કારણે પિતા-પુત્રનું મોત થયું છે. મુવાલિયા ગામે વીજળી પડતા પિતા-પુત્રનું મોત થયું છે અને બે લોકોના મોત થતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. ૩૦ વર્ષીય સંજયભાઈ અને ૭ વર્ષીય આયુષનું વીજળી પડવાના કારણે મોત થયું છે. બીજી તરફ શહેરમાં ભારે વરસાદને પગલે શહેરના દેસાઈવાડમાં વૃક્ષ ધરાશાયી થવાની ઘટના સામે આવી છે તો શહેરની લીટલ ફ્લાવર સ્કૂલની દિવાલ પણ ધરાશાયી થઈ છે. પવન સાથે આવેલા વરસાદથી અનેક જગ્યાએ ભારે નુકસાની સર્જાઈ છે. ત્યારે સિંગવડ ફોરેસ્ટ ઓફિસના ગેટ પાસે વીજ પોલ તેમજ ઝાડ ધરાશાયી થયું છે. ખાંભા-ગીરના લાસા, ધાવડીયા, ભાણિયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અસહ્ય ગરમી બાદ જોરદાર વરસાદ થયો હતો. લાસા ગામની શેરીઓમાં પાણી વહેતા થયા હતા. જ્યારે અમરેલીના બાબાપુર અને આસપાસના વિસ્તારમાં પણ વરસાદ પડ્યો હતો. જિલ્લામાં વરસાદનું આગમન થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો.

# આહવાના ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે યોજાશે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ



કમલમ્, આહવા

તા. ૨૧મી જૂન – ૨૦૨૫ ના રોજ "૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' ની ઉજવણીનાં સુચારૂ આયોજનના ભાગરૂપે તા.૧૩ જૂનના રોજ નિવાસી અધિક જિલ્લા કલેકટર શ્રી વિ.કે.જોષીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભા ખંડમાં બેઠક યોજાઇ હતી. સમગ્ર વિશ્વ અને દેશભરમાં ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની થીમ "YOGO FOR ONE EARTH ONE HEALTH" અને " સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત'' થીમ નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ ગુજરાતમાં પણ વધુને વધુ લોકોને યોગ બાબતે જાગૃત કરવા અને યોગ સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ડાંગમાં જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ તેમજ ગામડાઓમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા માટે આયોજન માટે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર શ્રી વિ.કે.જોષી દ્વારા જિલ્લા કક્ષાની ઉજવણી સંદર્ભે સ્થળ, વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઇ સ્ટેજ, મંડપ અને ગ્રાઉન્ડ તૈયાર કરવા, સાઉન્ડ સિસ્ટમ, લાઈવ પ્રસારણ નિહાળવા એલઈડી સ્ક્રીન અને વીજ પુરવઠાની ઉપલબ્ધતા, ટ્રાફિક વ્યવસ્થા અને પાર્કિંગ, એમ્બ્યુલન્સ તેમજ હેલ્થની ટીમ સ્થળ પર ઉપલબ્ધ રાખવા, ગ્રાઉન્ડ તેમજ આસપાસ ની જગ્યાએ સાફ-સફાઈ ઉપરાંત પીવાના પાણીની વ્યવસ્થા કરવા બાબતે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. વધુમાં આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાની તમામ શાળા-કોલેજ, આરોગ્ય કેન્દ્ર, પોલીસ હેડ ક્વાર્ટર અને સરકારી તમામ કર્મચારીઓ ઉપરાંત સ્થાનિક લોકોને મોટી સંખ્યામાં ભાગ લઈ આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માં સહભાગી બને તે પ્રકારનું આયોજન કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા કક્ષાના મુખ્ય ઉજવણી સમિતિના સભ્યો હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

# અમદાવાદ વિમાન દુર્ઘટના સંદર્ભે રાહત અને ઓળખની કામગીરીની વિગતો આપતા રાહત કમિશનર શ્રી આલોક પાંડે અને એડિશનલ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ શ્રી રજનીશ પટેલ

## પાર્થિવ દેહ ઘરે પહોચતા જ તલાટી દ્વારા તાત્કાલિક પેટીનામું કાઢી અપાશે

કમલમ્,

અમદાવાદ વિમાન દુર્ઘટનાના પગલે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી રાહત, બચાવ અને ઓળખની કામગીરી અંગે માહિતી આપવા માટે આજે રાહત કમિશનર શ્રી આલોક પાંડે અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિટેન્ડન્ટ શ્રી રજનીશ પટેલે એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. શ્રી રજનીશ પટેલે જણાવ્યું કે, DNA મેચિંગની અત્યંત સંવેદનશીલ પ્રક્રિયા ખૂબ જ ગંભીરતા અને ઝડપથી કરવામાં આવી રહી છે. શનિવાર સાંજ સુધીમાં કુલ ૧૧ મૃતકોના DNA સેમ્પલ સફળતાપૂર્વક મેચ કરી લેવાયા છે. જેમાંથી એક પાર્થિવ દેહની ઓળખ કરીને તેને સન્માનપૂર્વક તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યો છે. રાહત કમિશનર શ્રી આલોક પાંડેના જણાવ્યા મુજબ, દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના ૧૮ જિલ્લાના તમામ મૃતકોના પરિવારજનોનો રાજ્ય સરકાર દ્વારા સંપર્ક કરી લેવામાં આવ્યો છે.

દરેક મૃતકના પરિવાર માટે એક અલાયદી ટીમ ફાળવવામાં આવી છે. આ ટીમમાં એક વરિષ્ઠ અધિકારી, પોલીસકર્મી અને એક પ્રોફેશનલ કાઉન્સેલરનો સમાવેશ થાય છે. આ ટીમ પાર્થિવ દેહને મૃતકના ઘર સુધી પહોંચાડવા માટે પરિવારની સાથે જશે અને તમામ પ્રકારની સહાય પૂરી પાડશે. જરૂરિયાત મુજબ પરિવારોને માનસિક સધિયારો આપવા માટે કાઉન્સેલિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સરકારના કોલ સેન્ટર દ્વારા પણ પરિવારો સાથે સતત સંપર્કમાં રહીને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. પાર્થિવ દેહ વતન પહોંચતાની સાથે જ, પરિવારજનોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્થાનિક તલાટી દ્વારા તાત્કાલિક ધોરણે પેઢીનામું (Inhe®iance/Succession Certificate) કાઢી આપવામાં આવશે. આ પગલાથી વારસાઈ અને અન્ય સરકારી દસ્તાવેજો મેળવવાની પ્રક્રિયા સરળ બનશે. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૧૧ વિદેશી નાગરિકોના પરિવારજનોનો તેમના દેશની એમ્બેસી મારફતે સંપર્ક કરવામાં આવ્યો છે અને DNA સેમ્પલ મેચિંગ માટેની આવશ્યક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને, બ્રિટિશ નાગરિકોના પાર્થિવ દેહ તેમના પરિવારોને સરળતાથી સોંપી શકાય તે માટે બ્રિટિશ સરકારના પ્રતિનિધિઓ સાથે સતત સંકલન કરવામાં આવી રહ્યું છે. આ દુર્ઘટનામાં બચી ગયેલા દીવના નાગરિકનું સ્વાસ્થ્ય હવે સ્થિર છે અને તેઓ સારવારને સારો પ્રતિસાદ આપીને ઝડપથી સ્વસ્થ થઈ રહ્યા છે.

રાજ્ય સરકાર આ દુ:ખદ ઘડીમાં તમામ પીડિત પરિવારોની પડખે ઊભી છે અને તેમને તમામ શક્ય સહાય પૂરી પાડવા માટે કટિબદ્ધ છે.

# કેદારનાથ ક્ષેત્રમાં હેલિકોપ્ટર અકસ્માત

## NDRF અને SDRF ટીમો દ્વારા બચાવ કામગીરી હાલમાં ચાલી રહી છે




ચારધામ યાત્રા માટે આર્યન એવિએશનની કામગીરી તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવી



કમલમ્,

"શ્રી કેદારનાથ જી - આર્યન હેલિપેડ, ગુપ્તકાશી" સેક્ટરનું સંચાલન કરતું આર્યન એવિએશનનું બેલ ૪૦૭ હેલિકોપ્ટર (Reg. VT-BKA) એક દુ:ખદ અકસ્માતનો ભોગ બન્યું હતું. તેમાં પાંચ મુસાફરો, એક શિશુ અને એક ક્રૂ મેમ્બર સવાર હતા. હેલિકોપ્ટર ગુપ્તકાશીથી ૦૫:૧૦ વાગ્યે ઉડાન ભરી હતી અને ૦૫:૧૮ વાગ્યે શ્રી કેદારનાથજી હેલિપેડ પર ઉતરાણ કર્યું હતું. તે ફરીથી ૦૫:૧૯ વાગ્યે ગુપ્તકાશી માટે રવાના થયું હતું અને ૦૫:૩૦-૦૫:૪૫ કલાકની વચ્ચે ગૌરીકુંડ નજીક ક્રેશ થયું હોવાનું જાણવા મળે છે. પ્રાથમિક સંકેતો સૂચવે છે કે સંભવિત કારણ કંટ્રોલ્ડ ફ્લાઈટ ઈનટુ ટેરેન (CFIT) હોઈ શકે છે, કારણ કે હેલિકોપ્ટર નબળી દ્દશ્યતા અને ખીણના પ્રવેશ વિસ્તારમાં વ્યાપક વાદળછાયું વાતાવરણ હોવા છતાં હવામાં ઉડતું હોવાનું કહેવાય છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (AAIB) દ્વારા વિગતવાર તપાસ દ્વારા ચોક્કસ કારણ નક્કી કરવામાં આવશે. દુર્ઘટના સ્થળે NDRF અને SDRF ટીમો દ્વારા બચાવ કામગીરી હાલમાં ચાલી રહી છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી પુષ્કર સિંહ ધામી દ્વારા સવારે ૧૧:૦૦ વાગ્યે એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં ઉત્તરાખંડ સરકારના વરિષ્ઠ અધિકારીઓ, સચિવ (નાગરિક ઉડ્ડયન), ડીજીસીએ અને સંકળાયેલ ટીમોએ હાજરી આપી હતી. નીચેના તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે: ચાર ધામ યાત્રા માટે આર્યન એવિએશનનું સંચાલન તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવ્યું છે.

- મેસર્સ ટ્રાન્સભારત એવિએશનના બે હેલિકોપ્ટર - VT-TBC (PIC: કેપ્ટન યોગેશ ગ્રેવાલ, CPL(H)-1453) અને VT-TBF (PIC: કેપ્ટન જીતેન્દ્ર હરજાઈ, CPL(H)-1046) - સમાન પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓમાં હવામાં ઉડતા હોવાનું જાણવા મળ્યું હતું. તે મુજબ, બંને પાઈલટ્સના લાઈસન્સ છ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.
- સલામતીની સાવચેતી તરીકે ૧૫ અને ૧૬ જૂન ૨૦૨૫ના રોજ પ્રદેશમાં તમામ ચાર્ટર અને શટલ હેલિકોપ્ટર કામગીરી સ્થગિત કરવામાં આવી છે.
- UCADAને સલામતી પ્રોટોકોલ સાથે સંપૂર્ણ સંરેખણ સુનિશ્ચિત કરવા માટે, કોઈપણ સેવાઓ ફરી શરૂ કરતા પહેલા તમામ ઓપરેટરો અને પાઈલટ્સ સાથે વ્યાપક સમીક્ષા કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.
- UCADA રીઅલ-ટાઈમ કામગીરીનું નિરીક્ષણ કરવા અને કોઈપણ જોખમ સૂચકાંકોના તાત્કાલિક વધારાને સુનિશ્ચિત કરવા માટે એક સમર્પિત કમાન્ડ-એન્ડ-કંટ્રોલ રૂમ પણ સ્થાપિત કરશે.
- નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા DGCAને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ કેદારનાથ ખીણમાં તમામ હેલિકોપ્ટર પ્રવૃત્તિઓની સક્રિય દેખરેખ રાખવા અને UCADA કમાન્ડ-એન્ડ-કંટ્રોલ રૂમની કામગીરીની કડક સમીક્ષા કરવા માટે તાત્કાલિક એરવર્ધીનેસ, સેફ્ટીઅનેઓપરેશન્સના અધિકારીઓને નિયુક્ત કરે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પુનરોચ્ચાર કર્યો છે કે ઉડ્ડયન સલામતી પર કોઈ વાટાઘાટો થઈ શકે નહીં અને કોઈપણ ઓપરેટરે હવામાન સંબંધિત અને અન્ય પ્રોટોકોલનું ઉલ્લંઘન કરીને ફ્લાઈટ્સ ન કરવી જોઈએ. મંત્રાલયે DGCAને કડક સૂચનાઓ જારી કરી છે કે તેઓ તમામ હાલની જોગવાઈઓને સંપૂર્ણ સત્તા સાથે લાગુ કરે અને માનવ જીવનની પવિત્રતાને ધ્યાનમાં રાખીને, કોઈપણ કિંમતે ઉડ્ડયન કામગીરીમાં શિસ્ત જાળવી રાખવામાં આવે તેની ખાતરી કરે.

# એર ઈન્ડિયા પ્લેન દુર્ઘટનાના મૃતકોના પાર્થિવ દેહની સોંપણી અંગેની મહત્વપૂર્ણ સૂચના

કમલમ્,

અમદાવાદ ખાતે થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના અત્યંત દુઃખદ અને આઘાતજનક છે. આ દુર્ઘટનામાં જાન ગુમાવનાર દિવંગતોના પરિજનો પ્રત્યે સિવિલ હૉસ્પિટલ તંત્ર ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, પ્લેન દુર્ઘટનાની જાણ થતાં જ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ૨૫૦ જેટલા તબીબો, નર્સ, પેરામેડિકલ સ્ટાફ અને સેવાભાવી સંસ્થાના કાર્યકરોની ટીમે તાત્કાલિક ધોરણે ઈજાગ્રસ્તોને 'ગોલ્ડન અવર્સ'માં શ્રેષ્ઠ સારવાર પૂરી પાડી હતી. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ રાજ્ય સરકારના સતત માર્ગદર્શન અને સંકલનને પરિણામે, તમામ ઈજાગ્રસ્તોને ઝડપથી સારવાર આપી શકાઈ છે. આ ઉપરાંત, DNA સેમ્પલ મેચિંગ જેવી સંવેદનશીલ કાર્યવાહી પણ ખૂબ જ સારી રીતે પાર પાડવામાં આવી રહી છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) ના સહયોગ અને સંકલનને કારણે DNA સેમ્પલ મેચિંગની કાર્યવાહી અત્યંત ઝડપથી આગળ વધી રહી છે. જેના પરિણામે 9 DNA સેમ્પલ સફળતાપૂર્વક મેચ કરવામાં આવ્યા છે, અને તેમાંથી એક મૃતદેહની ઓળખ કરીને તેમના પરિજનો પાર્થિવ દેહ સોંપવામાં આવ્યો છે. DNA મેચિંગની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, મૃતકોના પાર્થિવ દેહ તેમના પરિજનોને સોંપવાની પ્રક્રિયા નીચે મુજબ હાથ ધરવામાં આવશે, જેની સર્વે સંબંધિતોને નોંધ લેવા વિનંતી છે. સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા મૃતકના જે સગાએ DNA સેમ્પલ આપ્યા છે, તેમને તેમના દ્વારા નોંધાવવામાં આવેલા મોબાઈલ નંબર પર ફોન કરીને સંપર્ક કરવામાં આવશે. પરિજનોને વિનંતી છે કે, તેઓ ફક્ત અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડેઝિગ્નેટેડ નંબર પરથી અધિકૃત વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા ફોન કોલને જ ધ્યાને લે. આ કોલમાં જ DNA મેચ થયાની અને પાર્થિવ દેહ લેવા આવવાની જાણ કરવામાં આવશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા જાહેર કરાયેલા અધિકૃત નંબરો નીચે મુજબ છે, જેનો ઉપયોગ પરિજનોનો સંપર્ક કરવા માટે કરવામાં આવી રહ્યો છે: ૯૪૨૯૯૧૫૯૧૧, ૯૪૨૯૯૧૬૦૯૬, ૯૪૨૯૯૧૬૧૧૮, ૯૪૨૯૯૧૬૩૭૮, ૯૪૨૯૯૧૬૬૦૮, ૯૪૨૯૯૧૬૬૨૨, ૯૪૨૯૯૧૬૬૮૨, ૯૪૨૯૯૧૬૭૫૮, ૯૪૨૯૯૧૬૭૭૧, ૯૪૨૯૯૧૬૮૭૫.

**પાર્થિવ દેહ સ્વીકારવા કોણે આવવું?**

- શક્ય હોય ત્યાં સુધી, જે નજીકના સગાએ DNA સેમ્પલ આપેલ છે, તેમણે પોતે આવવું તે અત્યંત ઈચ્છનીય છે. જો તેઓ આવી શકે તેમ ન હોય, તો મૃતકના અન્ય કોઈ નજીકના કુટુંબીજન આવી શકે છે.
- પાર્થિવ દેહ સ્વીકારવા આવનાર સગાએ પોતાની અને મૃતકની ઓળખ સ્થાપિત કરવા માટે નીચે મુજબના દસ્તાવેજો સાથે લાવવાના રહેશે.
- આવનાર સગા એ પોતાનું આધાર કાર્ડ અથવા સરકાર દ્વારા માન્ય અન્ય કોઈ ફોટો ઓળખપત્ર (અસલ) સાથે રાખવું.
- મૃતકનું ઓળખપત્ર: મૃતકનું આધાર કાર્ડ, પાસપોર્ટ, અથવા વોટર આઈડી કાર્ડ (અસલ અથવા નકલ) સાથે રાખવા.

- **પાર્થિવ દેહને ઘર સુધી બાય રોડ પહોંચાડવા માટે સરકારી તંત્ર દ્વારા નિઃશુલ્ક એમ્બ્યુલન્સની વ્યવસ્થા**
- **મૃતદેહ સ્વીકારવા આવતા સ્વજનોએ પોતાની અને મૃતકની ઓળખ માટેના દસ્તાવેજો સાથે લાવવા જરૂરી**
- **સિવિલ હોસ્પિટલ દ્વારાૅર રિપોર્ટ અને ડેથ સર્ટિફિકેટ સહિતના તમામ કાયદાકીય દસ્તાવેજોની ફાઈલ તૈયાર અપાશે**
- **મૃતદેહને બાય એર લઈ જવા માટે એર ઇન્ડિયા મદદ કરશે – ફ્લાઇટના સમય બાબતે હોસ્પિટલ સાથે અગાઉથી સંકલન કરવું**

- મૃતક સાથેનું સગપણ સાબિત કરતો દસ્તાવેજ સાથે રાખવો
- DNA સેમ્પલ આપતી વખતે નોંધાવેલો મોબાઈલ નંબર સાથે રાખવો.
- મૃતકનો પાર્થિવ દેહ લેવા નજીકના સગામાની વ્યક્તિ પોતે ન આવી શકે અને અન્ય કોઈને મોકલે તો ઓથોરિટી લેટર સાથે મોકલવો

**હોસ્પિટલ દ્વારા અપાનારા દસ્તાવેજો:**

- પાર્થિવ દેહની સાથે જ, મૃતકના સ્વજનને પોસ્ટમોર્ટમ (PM) રિપોર્ટ, ડેથ સર્ટિફિકેટ તેમજ અન્ય લીગલ કાર્યવાહી માટેના જરૂરી તમામ દસ્તાવેજો એક ફાઈલમાં તૈયાર કરીને હોસ્પિટલ તંત્ર દ્વારા સુપરત કરવામાં આવશે.
- જો મૃતકની ઓળખ કે સગપણનો કોઈ પુરાવો ઉપલબ્ધ ન હોય, તો સિવિલ હોસ્પિટલમાંથી ફોન આવ્યા બાદ આપના વિસ્તારની મામલતદાર, કલેક્ટર કે પ્રાંત અધિકારીની કચેરીનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવવું.
- ઉપરોક્ત દસ્તાવેજો સાથે મૃતકના સગાઓએ સિવિલ હોસ્પિટલના D2 બ્લોકની ઓફિસ સામે બનાવેલ કંટ્રોલ રૂમ ખાતે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. જો હોસ્પિટલ પહોંચવામાં કોઈ મુશ્કેલી જણાય, તો જે નંબર પરથી આપને ફોન આવ્યો હતો, તે જ નંબર પર સંપર્ક કરવાથી સંપૂર્ણ માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડવામાં આવશે.

**પાર્થિવ દેહના પરિવહન માટેની વ્યવસ્થા:**

- સ્થાનિક પરિવહન (બાય રોડ): જે પરિજનો પાર્થિવ દેહને બાય રોડ પોતાના નિવાસસ્થાને લઈ જવા ઈચ્છે છે, તેમના માટે સરકારી તંત્ર દ્વારા ઘર સુધી મૃતદેહ પહોંચાડવા માટે નિઃશુલ્ક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે.
- જે પરિજનો પાર્થિવ દેહને અન્ય રાજ્ય કે દેશમાં હવાઈ માર્ગે લઈ જવા માંગતા હોય, તેમણે ફ્લાઈટના સમય અંગે અગાઉથી સંકલન કરવા વિનંતી છે. આ પ્રક્રિયામાં એર ઈન્ડિયા દ્વારા સંપૂર્ણ મદદ કરવામાં આવશે.
- આ દુ:ખદ સમયે રાજ્ય સરકાર મૃતકોના પરિવારોની સાથે છે અને શક્ય તમામ મદદ કરવા માટે કટિબદ્ધ છે.

# વડોદરા : જિલ્લા કક્ષાએ ધોરણ ૧ અને ૨ માટે ત્રિદિવસીય માસ્ટર ટ્રેનર્સ તાલીમનો સફળ આયોજન





કમલમ્, વડોદરા,

રાજયના તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા તથા ધોરણ ૧ અને ૨ના બાળકો માટે શૈક્ષણિક સાહિત્ય અને અધ્યયન સામગ્રી વર્ષ ૨૦૨૪-૨૫થી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અને નિપુણ ભારત મિશન અંતર્ગત આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં વધુ અસરકારક રીતે શિક્ષણ આપવા માટે શિક્ષકોને સજ્જ બનાવવા જિલ્લા કક્ષાએ ત્રિદિવસીય બિન નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૧ થી ૧૩ જૂન, ૨૦૨૫ દરમિયાન ડાયટ, વડોદરા ખાતે યોજાયેલી આ તાલીમમાં ૮૬ જેટલા માસ્ટર ટ્રેનર્સે ભાગ લીધો હતો. રાજ્ય કક્ષાએથી નિમણૂક કરાયેલા રિસોર્સ પર્સન્સ દ્વારા તાલીમ આપવામાં આવી. જિ.પ્રા.શિક્ષણાધિકારી શ્રી મહેશ પાંડેના માર્ગદર્શન હેઠળ યોજાયેલી તાલીમના પ્રથમ દિવસે તેમણે સ્વયં હાજરી આપી તાલીમાર્થીઓને પ્રેરણા આપી. રાજય કક્ષાના નાયબ નિયામક શ્રી બી.ડી. બારિયા તથા હ્રઈ શ્રીમતી નિતલબેન પંચાલે પણ હાજરી આપી માર્ગદર્શન પૂરું પાડ્યું. તાલીમના બીજા દિવસે સ્ટેટ રિસોર્સ પર્સન શ્રી અતુલભાઈ પંચાલે બંને વર્ગોની મુલાકાત લઈને તાલીમની કાર્યપ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો અને શાળાઓમાં શૈક્ષણિક સામગ્રીના અસરકારક ઉપયોગ માટે સૂચનાઓ આપી. આ તાલીમના સફળ સંચાલનમાં શ્રી રાકેશ સુથાર (એ.ડી.પી.સી., વડોદરા), શ્રી અલ્પેશ ગોહિલ (બી.આર.સી. કો-ઓર્ડિનેટર) તથા ઉદઘોષક તરીકે શ્રી મુકેશ શર્મા (સી.આર.સી. કો-ઓ.) ની મહત્વપૂર્ણ ભૂમિકા રહી. હવે તાલુકા કક્ષાએ તમામ શિક્ષકો માટે તાલીમના સત્રો આયોજિત થશે, જેથી દરેક બાળક માટે અભ્યાસ વધુ રસપ્રદ અને પ્રવૃત્તિ આધારિત બની શકે.



**કમલમ્, ઇકબાલ મેમણ**

**માલીવાડા હિંમતનગર ખાતે ભાજપના અગ્રણી વિજયભાઈ વણઝારા ના મોટાભાઈ સ્વ.જેતાજી ફુલાજી વણઝારા ના અવસાન નિમિત્તે હિંમતનગરના લોકપ્રિય ધારાસભ્ય માનનીય શ્રી વી.ડી. ઝાલા સાહેબ શ્રદ્ધાંજલિ સભામાં હાજરી આપી શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી આ પ્રસંગે તાલુકા ભાજપ મંડલ પ્રમુખ હિતેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી ભગીરથસિંહ ઝાલા, તાલુકા પંચાયત સદસ્ય રવિન્દ્રસિંહ ચાવડા, જીતેન્દ્રસિંહ ઝાલા,વરિષ્ઠ પત્રકાર મગનજીત વણઝારા,મકસુદ મનસુરી, પ્રવીણભાઈ નાયી, માલીવાડા ગામના અગ્રણી સલીમભાઈ કણિયા, ભાવેશ ઓડ, વિશાલ વણઝારા, સુનિલભાઈ વણઝારા હાજર રહ્યા હતા**

# નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી રામ મોહન નાયડુએ AI171 દુર્ઘટના અંગે મીડિયાને સંબોધન કર્યું

## બહુ-સ્તરીય તપાસ અને દૂરંદેશી સલામતી સુધારાઓની જાહેરાત કરી

કમલમ્,

**વિહંગાવલોકન**

નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી રામ મોહન નાયડુ, રાજયમંત્રી શ્રી મુરલીધર મોહોલ, મંત્રાલય સચિવ શ્રી સમીર કુમાર સિંહા અને વરિષ્ઠ અધિકારીઓ સાથે આજે નવી દિલ્હીના ઉડાન ભવન ખાતે એક પ્રેસ બ્રીફિંગને સંબોધિત કરી હતી. આ બ્રીફિંગમાં એર ઈન્ડિયા ફ્લાઈટ AI171 ના દુ:ખદ અકસ્માતની વિગતવાર માહિતી આપવામાં આવી હતી અને ભારત સરકાર દ્વારા તાત્કાલિક પ્રતિભાવ, ચાલુ તપાસની સ્થિતિ અને ઉડ્ડયન સલામતીને મજબૂત બનાવવાના હેતુથી ભવિષ્યમાં કરવામાં આવેલા સુધારાઓની રૂપરેખા આપવામાં આવી હતી.

પ્રેસ બ્રીફિંગની શરૂઆત જીવ ગુમાવનારાઓની યાદમાં એક મિનિટનું મૌન પાળીને થઈ.

**ઘટનાની વિગતો**

૧૨ જૂન, ૨૦૨૫ના રોજ, અમદાવાદ અને ગેટવિક એરપોર્ટ (લંડન) વચ્ચે ઉડાન ભરતી એર ઈન્ડિયા ફ્લાઈટ AI171, બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર ઉડાન ભર્યાના એક મિનિટમાં જ ક્રેશ થઈ ગઈ હતી. આ દુર્ઘટના અમદાવાદના ગીચ વસ્તીવાળા મેઘાણી નગર વિસ્તારમાં બની હતી. આ ફ્લાઈટમાં ૨૪૨ વ્યક્તિઓ - ૨૩૦ મુસાફરો, ૨ પાઈલટ અને ૧૦ ક્રૂ સભ્યો - સવાર હતા. મૃતકોમાં અમદાવાદના મેઘાણી નગરના મુસાફરો અને યુવાન તબીબી વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તેમના અકાળ અવસાનને ફક્ત તેમના પરિવારો માટે જ નહીં પરંતુ રાષ્ટ્રના ભવિષ્ય માટે પણ એક મોટી ખોટ ગણાવવામાં આવી છે.

**વરિષ્ઠ નેતાઓની મુલાકાત અને ગ્રાઉન્ડ રિસ્પોન્સ**

ઘટનાના તાત્કાલિક પરિણામ સ્વરૂપે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અકસ્માત સ્થળ અને અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી, જ્યાં તેમણે ઘાયલો અને શોકગ્રસ્ત પરિવારો સાથે વાતચીત કરી અને બચાવ અને રાહત પ્રયાસોની સમીક્ષા કરી હતી. તેમણે આગળની કાર્યવાહીના નિર્દેશો આપવા માટે એરપોર્ટ પર એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા પણ કરી હતી. ઘટના બાદ ગૃહમંત્રી શ્રી અમિત શાહ ઘટનાસ્થળે પહોંચ્યા હતા, તેમણે વ્યક્તિગત રીતે જમીની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને કેન્દ્રીય એજન્સીઓને પીડિત પરિવારોને જરૂરી તમામ સહાય પૂરી પાડવા સૂચના આપી હતી. ઘટના પછી તરત જ નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી રામ મોહન નાયડુ, રાજ્યમંત્રી શ્રી મુરલીધર મોહોલ સાથે, ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તેઓ પીડિતોના પરિવારો અને કટોકટી સંભાળમાં સામેલ તબીબી કર્મચારીઓને મળ્યા હતા અને બાદમાં પરિસ્થિતિ અને પ્રતિભાવ પદ્ધતિઓની સમીક્ષા કરવા માટે કેન્દ્ર અને રાજ્ય અધિકારીઓ સાથે બેઠકો યોજી હતી.

**સંવેદના અને સહાનુભૂતિ**

નાગરિક ઉડ્ડયન મંત્રીએ આ દુઃખદ જાનહાનિ પર ઊંડો શોક વ્યક્ત કર્યો, અને સ્વીકાર્યું કે આ ઘટનાએ સમગ્ર રાષ્ટ્રને હચમચાવી નાખ્યું છે. તેમણે તમામ અસરગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી, ખાસ કરીને જે લોકોએ અકસ્માતમાં નાના વિદ્યાર્થીઓ ગુમાવ્યા છે. અકસ્માતમાં માતાપિતા ગુમાવવાના પોતાના અંગત અનુભવ પર પ્રતિબિંબ પાડતા, મંત્રીએ કહ્યું કે તેઓ શોકગ્રસ્ત લોકોના દુઃખને સમજી શકે છે.




**કટોકટી પ્રતિભાવ અને સંકલન**

ઘટનાના થોડા કલાકોમાં જ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તેના મુખ્યાલયમાં 24x7 fટ્રોલ રૂમ સક્રિય કર્યો હતો. જેમાં DGCA, BCAS, CISF અને AAIના કર્મચારીઓ સંકલન પ્રયાસો કરી રહ્યા હતા. રાષ્ટ્રીય મીડિયા સેન્ટરમાં એક સમાંતર મીડિયા કંટ્રોલ રૂમ પણ સ્થાપિત કરવામાં આવ્યો હતો. પરિવારોને મદદ કરવા માટે અનેક હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી હતી:

- અમદાવાદ એરપોર્ટ ઈમરજન્સી હેલ્પલાઈન : ૯૯૭૪૧૧૧૩૨૭
- MoCA કંટ્રોલ રૂમ : ૦૧૧-૨૪૬૧૦૮૪૩/ ૯૬૫૦૩૯૧૮૫૯
- એર ઈન્ડિયા પેસેન્જર હેલ્પલાઈન : ૧૮૦૦-૫૬૯૧-૪૪૪
- MoCA, DGCA, AAIB, AAI અને BCASના વરિષ્ઠ અધિકારીઓ બચાવ કામગીરી અને મદદનું નિરીક્ષણ કરવા માટે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા.

**પરિવારોને સહાય**

સરકારે એર ઈન્ડિયા મેનેજમેન્ટને અસરગ્રસ્ત પરિવારોને વ્યાપક સહાય પૂરી પાડવા માટે સ્પષ્ટ સૂચનાઓ જારી કરી છે. આ પગલાંમાં સામેલ છે:

**તાત્કાલિક સહાય વળતરની ચૂકવણી**

- નજીકના સગાને લોજિસ્ટિકલ અને ભાવનાત્મક ટેકો
- અસરગ્રસ્ત પરિવારોને મળવા અને સહાય કરવા માટે એર ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓની તૈનાતી
- બ્રિટિશ નાગરિકો અને તેમના પરિવારો માટે ગેટવિક, લંડનમાં સમર્પિત સપોર્ટ સેલની સ્થાપના
- ઘાયલો માટે દસ્તાવેજો, મુસાફરીની વ્યવસ્થા અને હોસ્પિટલ સંકલનમાં સહાય.
- મંત્રીએ ભાર મૂક્યો હતો કે, આ ઘટનાને માત્ર ટેકનિકલ તપાસ તરીકે જ નહીં પરંતુ માનવતાવાદી પ્રાથમિકતા તરીકે પણ ગણવી જોઈએ. જેમાં શોકગ્રસ્ત પરિવારોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવામાં આવશે.

**ચાલુ તપાસ**

એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (AAIB) એ તે જ દિવસે ક્રેશની ઔપચારિક તપાસ શરૂ કરી હતી. AAIBના ડાયરેક્ટર જનરલના નેતૃત્વમાં પાંચ સભ્યોની GO ટીમ તાત્કાલિક રવાના કરવામાં આવી અને બાદમાં ફોરેન્સિક અને તબીબી નિષ્ણાતો સાથે તેમાં વધારો કરવામાં આવ્યો હતો.

૧૩ જૂનના રોજ સાંજે ૫ વાગ્યાની આસપાસ વિમાનના બ્લેક બોક્સની પુન:પ્રાપ્તિ સાથે એક મહત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ છે. ડીકોડિંગ પ્રક્રિયા ફ્લાઈટની અંતિમ ક્ષણોમાં મહત્વપૂર્ણ આંતરદૃષ્ટિ પ્રદાન કરશે તેવી અપેક્ષા છે.

**બહુ-પરિમાણીય સમીક્ષા માટે ઉચ્ચ-સ્તરીય સમિતિ**

કેન્દ્રીય ગૃહ સચિવના અધ્યક્ષપદ હેઠળ એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિમાં નીચેના અધિકારીઓનો સમાવેશ થાય છે:

- નાગરિક ઉડ્ડયન મંત્રાલય
- ગૃહ મંત્રાલય
- ગુજરાત સરકાર
- ડીજીસીએ, બીસીએએસ, ભારતીય વાયુસેના, ગુપ્તચર બ્યૂરો
- રાજય આપત્તિ પ્રતિભાવ સત્તામંડળ
- રાષ્ટ્રીય અને રાજય સ્તરના ફોરેન્સિક નિષ્ણાતો

**સમિતિના મુખ્ય ઉદ્દેશ્યો:**

- ઘટનાની ટેકનિકલ, ઓપરેશનલ અને નિયમનકારી દ્રષ્ટિકોણથી તપાસ કરો.
- કોઈપણ પ્રણાલીગત અથવા સંસ્થાકીય ખામીઓને ઓળખો
- ત્રણ મહિનાની અંદર એકીકૃત અહેવાલ સબમિટ કરો
- લાંબા ગાળાના સુધારાઓની ભલામણ કરો, જેમાં પ્રમાણપત્ર પ્રણાલીઓ, કટોકટી પ્રતિભાવ પ્રોટોકોલ, ક્રૂ તાલીમ અને હવાઈ ટ્રાફિક વ્યવસ્થાપન પ્રણાલીઓનો સમાવેશ થાય છે.
- મંત્રીએ માહિતી આપી હતી કે AAIB તપાસ ટેકનિકલ પાસાઓને સંભાળશે, પરંતુ આ ઉચ્ચ-સ્તરીય સમિતિ ભવિષ્યના સલામતી પગલાં માટે એક સર્વાંગી, નીતિ-લક્ષી રોડમેપ પ્રદાન કરશે.
- સમિતિ સોમવાર, ૧૬ જૂનથી તેની ચર્ચા શરૂ કરશે.

**વિમાન જાળવણી અને દેખરેખના પગલાં**

- ડીજીસીએએ એર ઈન્ડિયાને જેનએક્સ એન્જિનથી સજ્જ તમામ બોઈંગ ૭૮૭-૮ અને ૭૮૭-૯ વિમાનોનું તાત્કાલિક ટેકનિકલ નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો છે. હાલમાં ભારતીય કેરિયર્સમાં સેવામાં રહેલા ૩૩ ડ્રીમલાઈનર્સમાંથી ૮નું નિરીક્ષણ થઈ ચૂક્યું છે. બાકીના વિમાનોનું તાત્કાલિક ધોરણે તપાસ કરવામાં આવી રહી છે.
- DGCA એ ભારતમાં કાર્યરત તમામ વાઈડ-બોડી એરક્રાફ્ટ માટે જાળવણી પ્રોટોકોલ અને ઉડાન યોગ્યતા પ્રક્રિયાઓની ચાલુ દેખરેખને પણ વધુ તીવ્ર બનાવી છે.

**ઉડ્ડયન સલામતી માટે ભારતની પ્રતિબદ્ધતા**

મંત્રીએ ઉડ્ડયન સલામતીમાં ભારતની વૈશ્વિક સ્થિતિને પુન:પુષ્ટિ આપી, નોંધ્યું કે ICAO સહિત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ભારતની ઉડ્ડયન નિયમનકારી પ્રણાલીઓને સતત મજબૂત અને સુસંગત ગણાવી છે. તેમણે સલામતી અને પારદર્શિતાના ઉચ્ચતમ ધોરણો સુનિશ્ચિત કરવા માટે સરકારની અતૂટ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

**ધીરજ અને જવાબદાર રિપોર્ટિંગ માટે અપીલ**

મંત્રાલયે જનતા અને મીડિયાને અનુમાન અથવા અપ્રમાણિત રિપોર્ટિંગથી દૂર રહેવા વિનંતી કરી હતી. તપાસ આગળ વધતાં તમામ સત્તાવાર તારણો સમયસર અને પારદર્શક રીતે શેર કરવામાં આવશે.

સરકાર સત્ય ઉજાગર કરવા અને અસરગ્રસ્ત પરિવારોને ન્યાય અપાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં વડોદરાના ૬ હતભાગી પ્રવાસીઓના નશ્વર દેહ તેમના પરિજનોને સોંપાયા

## વિશેષ વ્યવસ્થા સાથે મૃતકોના પરિજનોને સહેજ પણ તકલીફ ના પડે તેનું સંવેદનાથી ધ્યાન રાખવામાં આવ્યું

કમલમ્, વડોદરા,

અમદાવાદ ખાતે થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દિવંગતોના પરિજનોના DNA સેમ્પલ મેચ થયા બાદ નશ્વર દેહને સોંપવાની કામગીરી ચાલી રહી છે. આ દુર્ઘટનામાં વડોદરાના ૨૮ હતભાગી યાત્રિકો પૈકી ૬ પાર્થિવ દેહની ઓળખ થતા આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ તંત્ર તરફથી તેમના પરિજનોને સોંપવામાં આવ્યા હતા.

DNA સેમ્પલિંગની પ્રક્રિયાથી લઈને પાર્થિવ દેહ સોંપવાની અને અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધીની તમામ ક્રિયાઓમાં જિલ્લા વહીવટી તંત્રના નિયુક્ત અધિકારીઓ મૃતકોના પરિજનો સાથે સહાનુભૂતિપૂર્વક ઊભા રહ્યા હતા. DNA સેમ્પલ મેચ થતા જ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી આજ સુધી વડોદરાના ૬ હતભાગી પ્રવાસીના સ્વજનોને ફોન કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રએ કરેલી વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે નિયુકત અધિકારીઓ મૃતકના સ્વજનો સાથે મૃતદેહ લેવા માટે ગયા હતા.

આ દરમિયાન પ્રત્યેક પાર્થિવ દેહને લાવવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ, પોલીસની બે ગાડી તેમજ મૃતકના સ્વજનો માટે એક અલાયદી ગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાર્થિવ દેહની સાથે જ મૃતકના સ્વજનને પોસ્ટમોર્ટમ રિપોર્ટ, મૃત્યુ પ્રમાણપત્ર તેમજ અન્ય કાયદાકીય કાર્યવાહી માટેના જરૂરી તમામ દસ્તાવેજો એક ફાઈલમાં તૈયાર કરીને હોસ્પિટલ તંત્ર દ્વારા સુપરત કરવામાં આવ્યા હતા. આ દુઃખદ સમયે રાજ્ય સરકાર મૃતકોના પરિવારોની સાથે છે અને શક્ય તમામ મદદ કરવા માટે કટિબદ્ધ છે. ત્યારે મૃતકોના પરિજનોએ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રએ કરેલી વિશેષ વ્યવસ્થા અને સંવેદના પ્રત્યે સંતોષભાવ વ્યકત કર્યો હતો. મૃતદેહોની ઓળખ થયેથી પાર્થિવ દેહને સ્વ-ગૃહે પરત લાવવાની અને ત્યારબાદ અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધી કરવામાં આવેલી સંવેદનશીલ વ્યવસ્થાથી મૃતકોના સ્વજનોને થોડી પણ તકલીફ ન પડે તેનું તંત્ર દ્વારા વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું, અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા વડોદરાના પ્રવાસીઓના પરિજનોના સંપર્કથી લઈને પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધીની તમામ સંપૂર્ણ વ્યવસ્થા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૧ લાયઝન અધિકારીઓ અને ૨૨ તબીબી અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.

આ ઉપરાંત મૃતકના સગા સંબંધીઓની વ્યવસ્થા તેમજ સુવિધા માટે વડોદરા જિલ્લાના ૪ અધિકારીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કામગીરી સોંપવામાં આવી છે. અત્યાર સુધીમાં સ્વ. કલ્પનાબેન, સ્વ. અંજુબેન, સ્વ. અલ્સીન બેન અને સ્વ. નરેન્દ્રભાઈ તથા સ્વ. ઉષાબેનના દેહ તેમના પરિવારને સોંપાયા છે.

સ્વ. વલ્લભભાઈ અઘેરાની ઓળખ થઈ ગઈ છે, પણ તેમના પત્નીની બાકી છે. સાંસરોદ ના પરિવાર સાથે જોડાયેલા સ્વ. અલ્તફભાઈનો મૃતદેહ લઈ તેમના પરિવારજનો ભરૂચ ગયા છે. લાવનિયા દંપતીના ડીએનએ મેચ થઈ જતા તેઓ કાલ સોમવાર સવારે દેહ સ્વીકારી અંતિમ વિધિ કરશે. આમ કુલ ૯ વ્યક્તિની ઓળખ સ્થાપિત થઈ ગઈ છે, તેમાંથી ૬ દેહ સોંપાયા છે.

# સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૧ વર્ષ વિષય અંતર્ગત કચ્છ જીલ્લા ભાજપ દ્વારા ભુજ ખાતે વ્યવસાયિક સંમેલન યોજાયું



કમલમ્,

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૧ વર્ષ આ વિષય અંતર્ગત કચ્છ જીલ્લા ભાજપ દ્વારા ભુજ સ્થિત લોહાણા મહાજનવાડી ખાતે એક વિશાળ વ્યવસાયિક સંમેલન યોજવામાં આવ્યું હતું જેમાં પાર્ટીના અગ્રણી વકતાઓ દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વના ૧૧ વર્ષના સુશાસનની વિશાદ છણાવટ કરવામાં હતી જેમાં વકીલો, ડોકટરો, લેખકો, સાહિત્યકારો તેમજ પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ અવસરે મોદી સાહેબના અગીયાર વર્ષના શાસનની સિદ્ધિઓ, સફળતા અને સીમાચિહ્નો દર્શાવતી એક વિશિષ્ટ પ્રદર્શની પણ જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર પ્રબુદ્ધ અને બૌદ્ધિક વર્ગને આવકારતા જણાવ્યું હતું કે છેલ્લા અગીયાર વર્ષથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં સ્વશાસનથી સુશાસન સુધીની સફરમાં જે વિકાસના માપદંડો ઉભા કર્યા છે જેના પરિણામ સ્વરૂપે પ્રજાની સુખાકારીમાં વધારો થયો છે તેમજ દેશની ગરિમાને એક માનબિંદુ સુધી પહોંચાડી છે. પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે તેર વર્ષ અને ત્યાર બાદ દેશના યશસ્વી વડાપ્રધાન તરીકે ૧૧ વર્ષનો કાર્યકાળ માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનો પૂર્ણ થયો છે ત્યારે દેશ અને ગુજરાત આજે દરેક ક્ષેત્રમાં વિકાસની હરણફાળ ભરી રહ્યા છે. ગુજરાત રાજ્યને વિકાસના દરેક આયામોમાં સર્વોચ્ચ સ્થાન અપાવીને દેશને વિકાસની રાજનીતિનું ઉત્તમ ઉદાહરણ માનનીય પ્રધાનમંત્રીશ્રીએ પૂરું પાડ્યું છે. રાજનીતિમાં કોઈપણ કાર્ય પૂરું કરવા માટે દ્રઢ ઈચ્છા શક્તિ ખૂબ જ જરૂરી હોય છે. થોડા જ દિવસ અગાઉ પાકિસ્તાન દ્વારા જે જઘન્ય કૃત્ય કરવામાં આવ્યું તેનો ફક્ત પંદર દિવસમાં જ જડબાતોડ જવાબ આપતા ભારતીય સેનાએ પાકિસ્તાનમાં રહેલા ૧૧ જેટલા તેમના આકાઓના સ્થાનોને સંપૂર્ણ નષ્ટ કર્યા છે. દેશની બાહ્ય તેમજ આંતરિક સુરક્ષા માટે પ્રધાનમંત્રીશ્રીએ કોઈ પણ કચાશ નથી રાખી. આજે વૈશ્વિક નેતાઓના આંખોમાં આંખ પરોવીને આપણા દેશની વાત મૂકી રહ્યા છીએ અને તેથી જ આતંકવાદ સામેની આપણી લડાઈમાં બધા જ દેશો આપણા સમર્થનમાં આપણી સાથે ઊભા છે. વધુમાં શ્રી ચાવડાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત દેશના ૮૧ કરોડ અને ગુજરાતના ૩.૬૫ કરોડ ગરીબને મફત રાશન મળ્યું છે. મુદ્રા યોજના થકી દેશના ૫૨ કરોડ દેશવાસીઓને ૧.૨૯ લાખ કરોડની સહાય મળી છે. છેલ્લા ૧૧ વર્ષમાં દેશમાં ૩૮૭ થી વધીને ૭૦૦ જેટલી મેડિકલ કોલેજ બની તેમજ ગુજરાતમાં ૨૦ નવી મેડિકલ કોલેજ બની છે. દેશના ૪૧ કરોડથી વધુ લોકોએ આયુષ્માન કાર્ડનો લાભ લીધો છે. ૧.૪૬ લાખ કિલોમીટરના નેશનલ હાઈવે બન્યા છે. દેશમાં ૪૦૦ વંદે ભારત ટ્રેનનો ટાર્ગેટ છે જેમાં ૧૩૬ ટ્રેનો કાર્યરત છે. આ તમામ સિદ્ધીઓ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સફળ અને સશકત નેતૃત્વના ફળ સ્વરૂપ છે. દેશનો દરેક નાગરિક, દરેક વર્ગ સહિયારી રીતે આગળ આવે તેવા પ્રયત્ન સાથે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ વિકસિત ભારતના વિઝનને દેશ સમક્ષ મુક્યું છે. પ્રદેશ આઈ.ટી સેલના કન્વીનર નિખિલભાઈ પટેલે જણાવ્યું હતું કે આજે વિકાસની રાજનીતિના રોલ મોડલ તરીકે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રસ્થાપિત થયું છે. ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીની યુપીએ સરકાર હંમેશા ભ્રષ્ટાચારમાં ડૂબેલી રહી જયારે ૨૦૧૪થી માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના આવ્યા બાદ લાખો કરોડના પ્રોજેકટ પૂર્ણ થયા છે પરંતુ ભ્રષ્ટાચારની એક પણ ફરિયાદ કોઈ કરી શકે તેમ નથી. રશિયા - યુક્રેન યુદ્ધમાં આપણા દેશનો એક પણ નાગરિક હેરાનગતિ વગર સહ-કુશળ ભારત પરત ફર્યા તે વિદેશનીતિનું ઉત્તમ ઉદાહરણ હતું. "મોદી હે તો મુમકીન હે" આ વાત દેશનો દરકે નાગરિક માનતો થયો છે. મોદી સરકારના ૧૧ વર્ષ ૧૪૦ કરોડ દેશવાસીઓ માટે વિકાસનો દશકો બની રહ્યો છે. ૨૦૪૭ માં દેશને વિકસિત દેશ બનાવવા માટે ગરીબો, ખેડૂતો તેમજ યુવાનો માટે વિવિધ યોજનાઓ બનાવવામાં આવી રહી છે. દરેક ગુજરાતી જાણે છે કે જ્યારે યુપીએ સરકાર હતી ત્યારે નર્મદા ડેમનું કામ રોકાવી ગુજરાતને હળહળતો અન્યાય કર્યો હતો. જયારે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વડાપ્રધાન બન્યાના ફકત ૧૭ દિવસમાં મંજૂરી આપીને નર્મદા ડેમનું કામ શરૂ કરાવ્યું હતું.

ગુજરાતના સૌરાષ્ટ્રને "સૌની યોજના" અને ઉત્તર ગુજરાતને "સુજલામ સુફલામ યોજના" મળી છે. જીલ્લા ભાજપ પ્રભારી કશ્યપભાઈ શુકલાએ જણાવ્યું હતું કે આપણા દેશે સ્વ. જવાહરલાલ નહેરુનો તેમજ સ્વ. ઈન્દિરા ગાંધીજીનો કાર્યકાળ જોયો છે પરંતુ તેમના કાર્યકાળ કરતાં ઓછા સમયમાં માનનીય પ્રધાનમંત્રીશ્રીએ દેશની સંપૂર્ણ કાયાપલટ કરી દેશને વિકાસ પથ પર આગળ વધાર્યો છે.

આ સંમેલનમાં ધારાસભ્યો કેશુભાઈ પટેલ, પ્રદ્યુમનસિંહ જાડેજા, ત્રિકમભાઈ છાંગા, જીલ્લા ભાજપ મહામંત્રીઓ દિલીપભાઈ શાહ, નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ધવલભાઈ આચાર્ય સહિતના ઉપસ્થિત રહ્યા હતા જ્યારે સમગ્ર કાર્યક્રમની સફળતા માટે ભુજ શહેર ભાજપ અધ્યક્ષ મીતભાઈ ઠક્કર અને ભુજ શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, નગરસેવકો તેમજ કાર્યકરોએ વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમનું સંચાલન સમસ્ત અભિયાનના ઈન્ચાર્જ હિતેશભાઈ ખંડોરે જ્યારે આભારવિધિ સહ ઈન્ચાર્જ રવિભાઈ ત્રવાડીએ કરી હોવાનું કચ્છ જીલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.





કમલમ્,

કડાણા તાલુકાના રણકપુર ગામ ખાતે શ્રી કાળુભાઈ ડામોર ના સુપુત્ર ચિ. રાયસીંગ કુમાર ના શુભ લગ્ન પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરે આશીર્વાદ પાઠવ્યા.



કમલમ્,

સંતરામપુર તાલુકાના ખેડાપા ખાતે શ્રી સ્વ. પારગી ચકલીબેન સવજીભાઈ ના નિવાસ સ્થાને આયોજીત બેસણામાં કેબિનેટ મંત્રી શ્રી ડો. કુબેરભાઇ ડીંડોરે હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અને તેમનાં પરિવારજનોને સાંત્વના પાઠવી. પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતના દિવ્યાત્માને ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણથી પ્રાર્થના..



કમલમ્,

સંતરામપુર તાલુકાના ખેડાપા ખાતે શ્રી સ્વ. પારગી માનસિંગ ભાઈ બદજી ભાઈ ના નિવાસ સ્થાને આયોજીત બેસણામાં કેબિનેટ મંત્રી શ્રી ડો. કુબેરભાઇ ડીંડોરે હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અને તેમનાં પરિવારજનોને સાંત્વના પાઠવી. પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતના દિવ્યાત્માને ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણથી પ્રાર્થના..



કમલમ્,

સંતરામપુર તાલુકાના બાબરોલ ખાતે શ્રી સ્વ. રમણભાઈ દીતાભાઈ ના નિવાસ સ્થાને આયોજીત બેસણામાં કેબિનેટ મંત્રી શ્રી ડો. કુબેરભાઇ ડીંડોરે હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અને તેમનાં પરિવારજનોને સાંત્વના પાઠવી. પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતના દિવ્યાત્માને ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણથી પ્રાર્થના..